AH-1001 Seat No.________

# M. A. (Sem. - IV) Examination

March - 2023

## CC-401 : Gujarati

(ગુજરાતી વિવેચન પરંપરા) *(New Course)*

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : 70

**સૂચના :** દરેક પ્રશ્નના ગુણ પ્રશ્નની સામે આપ્યા છે.

1 વિવેચનની સંજ્ઞા અને પ્રકારોની ચર્ચા કરો. 18

**અથવા**

1 ગુજરાતી વિવેચનની પરંપરાનો પરિચય કરાવો.

2 પંડિત યુગની વિવેચન પ્રવૃત્તિની ચર્ચા કરો. 17

**અથવા**

2 સુધારક યુગના મુખ્ય વિવેચકોની વિવેચન પ્રવૃત્તિની વિચારણા કરો.

3 આધુનિક યુગના પ્રમુખ વિવેચકોની નોંધ કરી તેમાંથી કોઈ પણ એકની વિવેચન પ્રવૃત્તિનો પરિચય કરાવો. 18

**અથવા**

3 અનુઆધુનિક યુગની વિવેચન પ્રવૃત્તિને સમજાવો.

4 ટૂંકનોંધ લખો : (ગમે તે **બે**) 17

(1) વિશ્વનાથ મ. ભટ્ટની વિવેચનકલા

(2) નરસિંહરાવ દિવેટિયાની વિવેચન પ્રવૃત્તિ

(3) નવલયમનું વિવેચન

(4) સુરેશ જોષીના વિવેચનનું નાવીન્ય.

AH-1002 Seat No. ________

# M. A. (Sem. - IV) Examination

**March - 2023**

## CC-402 : Gujarati

*(વિશ્વ સાહિત્ય) (New Course)*

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : 70

**સૂચના :** પ્રશ્નપત્રની જમણી બાજુએ દર્શાવેલા અંક જે-તે પ્રશ્નના કુલ ગુણ સૂચવે છે.

1 'સિદ્ધાર્થ' લઘુનવલનું સમગ્રલક્ષી મૂલ્યાંકન કરો. **18**

**અથવા**

1 'સિદ્ધાર્થ' લઘુનવલના આધારે સિદ્ધાર્થના પાત્રની સમીક્ષા કરો.

2 ટૂંકનોંધ લખો : (ગમે તે **બે**) **17**

(1) 'સિદ્ધાર્થ'માં પ્રગટતું જીવનદર્શન

(2) 'સિદ્ધાર્થ'નો અંત

(3) 'સિદ્ધાર્થ'ની ભાષાશૈલી

(4) 'સિદ્ધાર્થ'ના ગૌણપાત્ર

3 નીચેનામાંથી ગમે તે **એક** વાર્તાની સમીક્ષા કરો: **18**

(1) કાબૂલીવાલા

(2) વરસાદમાં એક બિલાડી

(3) સાપ

4 ટૂંકનોંધ લખો : (ગમે તે **બે**) **17**

(1) 'યુદ્ધ' શીર્ષકની યોગ્યતા

(2) 'શ્રી બિન્નેની બપોર' વાર્તાનો આરંભ

(3) મિસ એમિલીનું શબ્દચિત્ર

(4) 'સાપ'માં વાસનાની અભિવ્યક્તિ.

AH-1003 Seat No.________

# M. A. (Sem. - IV) Examination

March - 2023

## CC-403 : Gujarati

(ગુજરાતી ભાષાનું અધ્યયન) *(New Course)*

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : 70

**સૂચના :** પ્રશ્નપત્રની જમણી બાજુએ દર્શાવેલા અંક જે-તે પ્રશ્નના કુલ ગુણ સૂચવે છે.

1 પ્રાચીન ભારતીય આર્યથી મધ્ય ભારતીય આર્ય સુધી થયેલા સ્વર પરિવર્તન ઉદાહરણ સહિત સમજાવો. 18

**અથવા**

1 જૂની ગુજરાતીમાંથી મધ્યકાલીન ગુજરાતીમાં આવતા થતું પરિવર્તન ઉદાહરણ સાથે સમજાવો.

2 ગુજરાતી ભાષાના ધ્વનિઓ વિશે વિગતે ચર્ચા કરો. 17

**અથવા**

2 ટૂંકનોંધ લખો:

(1) ગુજરાતી ભાષાના અનુનાસિકો

(2) ગુજરાતી ભાષાના સ્પર્શ વ્યંજનો

3 નીચેનામાંથી કોઈ પણ **બે** વિદ્વાનોનું ભાષા અધ્યયન ક્ષેત્રે નોંધો: 18

(1) હેમચંદ્રાચાર્ય

(2) કે.કા. શાસ્ત્રી

(3) ડૉ. હરિવલ્લભ ભાયાણી

(4) ડૉ. પ્રબોધ પંડિત

4 ગુજરાતી ભાષાની ઉચ્ચારણ, સૂરભાર, જંકચર, વચન, લિંગ, સહાયકારક ક્રિયારૂપો, નિપાત સંદર્ભેની લાક્ષણિકતાઓ ચર્ચો. 17

**અથવા**

4 ટૂંકનોંધ લખોઃ

(1) પટ્ટણી બોલીની લાક્ષણિકતાઓ

(2) ગુજરાતી ભાષાનું શબ્દભંડોળ.

---

**AH-1004** Seat No. ________

# M. A. (Sem. - IV) Examination

**March - 2023**

## CC-404 : Gujarati

(ભાષા અને સાહિત્ય કૌશલ)

*(New Course)*

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

**સૂચના** : પ્રશ્નપત્રની જમણી બાજુએ દર્શાવેલા અંક જે-તે પ્રશ્નના કુલ ગુણ સૂચવે છે.

1 કોઈ પણ **એક** વિષય પર નિબંધ લખો: **18**

(1) પુસ્તકાલયનું મહત્ત્વ

(2) આપણી શિક્ષણ પ્રથા

(3) યુવાનો અને રાષ્ટ્ર

(4) આપણાં સામાજિક દૂષણો

**અથવા**

1 કોઈ પણ **એક** વિષય પર સાહિત્યિક નિબંધ લખો: **18**

(1) સાંપ્રત ગુજરાતી ટૂંકી વાર્તા : સ્વરૂપ અને વિકાસ

(2) મધ્યકાલીન ગુજરાતી આખ્યાન : સ્વરૂપ અને વિકાસ

(3) અર્વાચીન ગુજરાતી સાહિત્યની પ્રશિષ્ટ ગદ્યકૃતિઓ

(4) મધ્યકાલીન ગુજરાતી ભક્તિકવિતા

2 નિમ્નલિખિત કવિતાની આસ્વાદમૂલક સમીક્ષા કરો : **17**

કાગળમાં તારી યાદના કિસ્સાઓ લખ મને,
જો શક્ય હોય તો પ્રેમના ટહુકાઓ લખ મને!

તારા વિના અહીં તો છે ધુમ્મસ ફક્ત બધે,
તારી ગલીમાં કેવા છે તડકાઓ લખ મને!

અકળાઈ જાઉં એવા અબોલા ન રાખ તું,

તારા જ અક્ષરો વડે ઝઘડાઓ લખ મને!

કોઈ મને બીજા તો સહારા નહીં મળે,

અમથા જ તારે હાથે દિલાસાઓ લખ મને!

મારા જીવનનો પંથ હજી તો અજાણ છે,

ક્યાં ક્યાં પડ્યાં છે તારાં પગલાંઓ લખ મને!

**- દિલીપ પરીખ**

**અથવા**

2 નિમ્નલિખિત કવિતાની આસ્વાદમૂલક સમીક્ષા કરોઃ 17

અમે રે સૂકું રૂનું પૂમડું,

    તમે અત્તર રંગીલા રસદાર;

તરબોળી દ્યોને તારેતારને,

    વીંધો અમને વ્હાલા, આરંપાર;

આવો રે, આવો હો જીવણ, આમના,

અમે રે સૂના ઘરનું જાળિયું

    તમે તાતા તેજના અવતાર,

ભેદીને ભીડેલા ભોગળ-આગળા

    ભરો લખ લખ અદીઠા અંબાર;

આવો, રે આવો હો જીવણ, આમના.

અમે રે ઊધઈ ખાધું ઈંધણું,

    તમે ધગ ધગ ધૂણીના અંગાર,

પડેપડ પ્રજાળો વ્હાલા, વેગથી,

    આપો અમને અગનના શણગાર;

આવો રે આવો હો જીવણ, આમના.

- મકરન્દ દવે

3 કોઈ પણ **બે** કાવ્યપંક્તિનો અર્થવિસ્તાર કરો: 18

(1) મનવા, પર ઘર પહોંચીને દુઃખ ન કહીએ રોઈ,
માન ગુમાવીએ આપણું વ્હેંચી ન લેતું કોઈ.

(2) ઊંચી નીચી ફર્યા કરે જીવનની ઘટમાળ
ભરતી તેની ઓટ છે, ઓટ પછી જુવાળ

(3) હા! પસ્તાવો વિપુલ ઝરણું સ્વર્ગથી ઊતર્યું છે,
પાપી તેમાં ડૂબકી દઈને પુણ્યશાળી બને છે.

(4) સ્વતંત્ર પ્રકૃતિ તમામ, એક માનવી કાં ગુલામ?
સૃષ્ટિબાગનું અમૂલ ફૂલ માનવી ગુલામ?

**અથવા**

3 કોઈ પણ **બે** ગદ્યકંડિકાનો અર્થવિસ્તાર કરો: 18

(1) શું જીવનમાં કે શું કળામાં, અનુકરણ એટલે મરણ

(2) સબસે ઊંચી પ્રેમસગાઈ.

(3) કાવ્યનું સત્ય વાસ્તવના સત્યથી સવાયું છે.

(4) આચાર એ જ પ્રચારનું ઉત્તમ સાધન છે.

4 કોઈ પણ **એક** સાહિત્યકૃતિનું અવલોકન લખો: 17

(1) ફૂલની ચરી (લે.જિ.કા. વ્યાસ)

(2) મને ટાણા લઈ જાવ (લે. માય ડિયર જયુ)

(3) તરસ્યા મલકનો મેઘ (લે. મણિલાલ હ. પટેલ)

AH-1005-1006 Seat No. ________

# M. A. (Sem. IV) Examination

**March - 2023**

## Gujarati : ID-405-(A) & (C)

*1. ID-405-(A)* : લોકસાહિત્યના સંશોધકો-સંપાદકોનો અભ્યાસ

*(New Course)*

*2. ID-405-(C)* : સાહિત્ય અને ઈતિહાસ

*(Interdisciplinary Course)*

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : 70

*1. ID-405-(A)* : લોકસાહિત્યના સંશોધકો-સંપાદકોનો અભ્યાસ

*(New Course)*

**સૂચના :** પ્રશ્નપત્રની જમણી બાજુએ દર્શાવેલા અંક જે-તે પ્રશ્નના કુલ ગુણ સૂચવે છે.

1 લોકસાહિત્યક્ષેત્રે ઝવેરચંદ મેઘાણીએ કરેલા પ્રદાન વિશે નોંધ લખો. 18

**અથવા**

1 દુલેરાય કારાણીનું લોકસાહિત્યક્ષેત્રે પ્રદાન મૂલવો. 18

2 આદિવાસી સાહિત્યના સંશોધક ભગવાનદાસ પટેલનું પ્રદાન વિશ્વકક્ષાએ ખ્યાતિ પામ્યું છે - આ વિધાનની ચર્ચા કરો. 17

**અથવા**

2 સંશોધક દંપતી શંકરભાઈ તડવી અને રેવાબેન તડવીનું લોકસાહિત્યમાં પ્રદાન મૂલવો. 17

3 સંશોધક-સંપાદક તરીકે જયંતીલાલ દવેએ લોકસાહિત્યક્ષેત્રે કરેલા પ્રદાનની સમીક્ષા કરો. 18

**અથવા**

3 લોકસાહિત્યક્ષેત્રે વીરચંદ પંચાલના યોગદાન વિશે જણાવો. 18

4 કનુભાઈ જાની લોકસાહિત્યના મોટા ગજાના સમીક્ષક છે.
- આ વિધાનની યથાર્થતા ચર્ચો. 17

**અથવા**

4 લોકસાહિત્યના સંપાદક અને સમીક્ષક તરીકે બળવંત જાનીનું કાર્ય ઉત્કૃષ્ટ કક્ષાનું રહ્યું છે - આ વિધાનની ચર્ચા કરો. 17

## 2. *ID-405-(C)* : સાહિત્ય અને ઈતિહાસ

*(Interdisciplinary Course)*

1 ઈતિહાસનું પ્રયોજન અને કાર્યક્ષેત્ર ચર્ચો. 17

**અથવા**

1 સાહિત્ય અને ઈતિહાસના આંતરસંબંધો ચર્ચો.

2 'જય સોમનાથ'ની સમીક્ષા કરો. 18

**અથવા**

2 'જય સોમનાથ'નું ઐતિહાસિક નવલકથા તરીકે મૂલ્યાંકન કરો.

3 'લાંછન'ની સમગ્રલક્ષી ચર્ચા કરો. 17

**અથવા**

3 'લાંછન'ની ઐતિહાસિક નવલકથા તરીકે મૂલ્યાંકન કરો.

4 ટૂંકનોંધ લખોઃ (ગમે તે **બે**) 18

(1) સાહિત્યનું પ્રયોજન ચર્ચો.

(2) ગુજરાતી સાહિત્યમાં ઐતિહાસિક નવલકથાનો પરિચય આપો.

(3) 'જય સોમનાથ'માં આરંભ-અંત.

(4) 'લાંછન'નું કથાવસ્તુ.